જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૦૪/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૫૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૫ લીટર દેશી દારૂ, ૨૯૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૫૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૫૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ સમાચાર યાદી નં.૫૫૩/૨૦૨૩

**નિકોલઃ** ઇલાબહેન વા/ઓ દર્શનગીરી ગોસ્વામી (ઉ.વ.૩૨)(રહે.પંચનાથપાર્ક સોસાયટી ગાયત્રી સ્કુલની પાછળ ખોડીયારનગર નિકોલ) એ તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ખોડીયારનગર ચાર રસ્તા, ગજેરા-તન્ના ટ્રાવેલ્સની ઓફીસ સામે સર્વિસ રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૨ થી ૨૫ વર્ષના આશરાના) ઇલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** વિજીથ સ/ઓ કે.ટી. કુરીયન (ઉ.વ.૩૪)(રહે.ન્યુ ભુમીકા એપાર્ટમેન્ટ જ્યુપીટર સોસાયટી સામે કે.કે.નગર ચાર પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૨૦ વાગ્યા પહેલા નારણપુરા શાસ્ત્રીનગર સરદાર પટેલનગર મકાન નંબર વી/૯૦૨ ખાતેના ઘરે પંખા સાથે દોરી અને પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી